

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી : મીનાક્ષી રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

**Gandhinagar Office :** Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-10 ■ તા. 23-03-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# ગુજરાતમાં ગરમી વધશે, તાપમાન બેથી ત્રણ ડિગ્રી વધશે



શનિવારે દેશના ૨૦ રાજ્યોમાં વરસાદની શક્યતા છે. મધ્યપ્રદેશમાં શુક્રવારથી હવામાનમાં પલટો આવ્યો છે. દમોહ, સાગર, મંડલા, ડિંડોરી અને સિંગરૌલી સહિત અનેક જિલ્લાઓમાં વરસાદ પડયો હતો. રાજ્યમાં આજે પણ વરસાદનું એલર્ટ છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ૨૪ કલાક બાદ રાજ્યના તાપમાનનો પારો ફરી ઉપર જવાનો છે. લઘુતમ અને મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થતા લોકોને કાળઝાળ ગરમી સહન કરવી પડશે. આગામી પાંચ દિવસ આ વધારો યથાવત્ રહેશે. જોકે, રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ૨૪ કલાક બાદ ગરમ ભેજયુક્ત પવનોને કારણે બફારો અનુભવવો પડશે. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસોથી ગુજરાતમાં ગરમીથી આંશિક રાહત મળી હતી.હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવના જણાવ્યા અનુસાર, હાલમાં ગુજરાત ઉપર ઉત્તર પશ્ચિમ અને ઉત્તર દિશા તરફથી પવન ફૂંકાઈ રહ્યા છે, જે આગામી ૨૪ કલાક યથાવત્ રહેશે. આગામી ૨૪ માર્ચના રોજ ઉત્તર ભારતના વિસ્તારોમાં એક વેસ્ટન ડિસ્ટર્બન્સ ટકરાશે, જેથી ગુજરાતના મહત્તમ અને લઘુતમ તાપમાનમાં વધારાની શક્યતાઓ છે.રાજસ્થાનમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે ઘણા જિલ્લાઓમાં હવામાન બદલાઈ રહ્યું છે. શુક્રવારે જયપુર, નાગૌર, બિકાનેર, જેસલમેર, જોધપુર સહિત ઘણા શહેરોમાં વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. આજથી હવામાન ચોખ્ખું રહેશે.હવામાન વિભાગે શુક્રવારે સાંજે ૫:૩૦ વાગ્યાથી ૨૪ માર્ચે સવારે ૮:૩૦ વાગ્યાની વચ્ચે તેલંગાણામાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદની આગાહી પણ કરી છે.

## અમેરિકા : મૂળ મહેસાણાના પિતા-પુત્રીની હત્યા, સ્ટોરમાં ઘૂસીને પટેલ પરિવારના સભ્યો પર ફાયરિંગ

અમેરિકામાં ભારતીયો પર હુમલાની ઘટનાનો સિલસિલો યથાવત જોવા મળી રહ્યો છે. ત્યારે અમેરિકાના વર્જિનિયામાં મહેસાણા વતની પિતા-પુત્રીની હત્યા કરવામાં આવી છે. આ સનસનીખેજ ઘટના અમેરિકાના વર્જિનિયામાં બની છે.પ્રાપ્ત માહિતી અનુસાર અમેરિકાના વર્જિનિયાના એકોમેક કાઉન્ટીમાં ગુજરાતી પિતા-પુત્રીની હત્યા કરવામાં આવી છે. મૃતક મૂળ મહેસાણાના કનોડા ગામના પટેલ પરિવારના સભ્યો છે. તેઓ સ્ટોરમાં બેઠા હતા, તે સમયે એક અશ્વેત વ્યક્તિએ સ્ટોરમાં પ્રવેશ કરી ૫૬ વર્ષીય પ્રદિપકુમાર રતિલાલ પટેલ(પિતા) અને ૨૪ વર્ષીય ઉર્વિ પ્રદિપકુમાર પટેલ(પુત્રી)ની ગોળી મારી હત્યા



કરી દેતાં ચકચાર મચી જવા પામી છે.ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી અને હુમલાખોરની ધરપકડ કરી લીધી છે. આ ઘટનાને પગલે અમેરિકામાં વસતા ભારતીયો અને ગુજરાતી સમાજમાં શોકની સાથે ભયની લાગણી ફેલાઈ છે. જોકે હજુ હત્યાનું કારણ જાણી શકાય નથી..

## વડનગરના સુંઢીયા ખાતે ખેડૂત તાલિમ શિબિર યોજાઈ

વડનગર તાલુકાના સુંઢિયા ગામે સાર્વજનિક મુક્તિધામ ખાતે સામાજિક વનીકરણ  વિભાગ મહેસાણા દ્વારા એગ્રો ફોરેસ્ટ્રી અંદર ઈદ્ધફરૂ અંતર્ગત એક ખેડૂત તાલીમ શિબિર યોજવામાં આવી હતી.આ શિબિરમાં સુંઢિયા તથા આજુબાજુના ગામડાઓથી કુલ ૧૬૦ થી ઉપર ખેડૂત ભાઈઓ બહેનોએ લાભ લીધો હતો.આ શિબિરમાં સુંઢિયા ગામના નિજધામના પ્રમુખ કેશુભાઈ એમ. પટેલ પૂર્વ  પ્રમુખ મહેસાણા જિલ્લા ભાજપ એ હાજર રહી ખેડૂતોને વન વિભાગ ની કામગીરી, વનસ્પતિ અને માનવ જીવનમાં પર્યાવરણની ઉપયોગીતા અંગે રમુજી શૈલીમાં માર્ગદર્શન પર્યાવરણની જાળવણી વધુ વૃક્ષો વાવવા અંગે વિસ્તૃત માહિતી આપી હતી.



## ટ્રમ્પના નિર્ણયથી ખળભળાટ, ૪ દેશના ૫,૩૦,૦૦૦ લોકો સામે મહિનામાં અમેરિકા છોડવાનું જોખમ!

ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્ર દ્વારા જાહેરાત કરવામાં હતી કે, અમેરિકા ક્યુબા, હૈતી, નિકારાગુઆ અને વેનેઝુએલાના લોકોના કાયદાકીય સંરક્ષણને રદ કરશે. આ નિર્ણયની અસર એવી થશે કે, લગભગ એક મહિનામાં ૫,૩૦,૦૦૦ લોકોએ અમેરિકાને છોડવું પડે તેવી આશંકા છે.અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગેરકાયદે અપ્રવાસીઓ સામેની કાર્યવાહી ઝડપી બનાવી છે. આ ચાર દેશના અપ્રવાસી ઓક્ટોબર ૨૦૨૨માં ફાઈનાન્શિયલ સ્પોન્સર સાથે અમેરિકામાં આવ્યા હતાં. તેમને અમેરિકામાં રહેવા અને કામ કરવા માટે બે વર્ષની પરમિટ આપવામાં આવી હતી. હવે હોમલેન્ડ સુરક્ષા વિભાગે જાહેરાત કરી છે કે, આવા લોકો ૨૪ એપ્રિલે ફેડરલ રજિસ્ટરમાં નોટિસ



આવ્યાના ૩૦ દિવસ બાદ પોતાનું લીગલ સ્ટેટસ ગુમાવી દેશે. નોંધનીય છે કે, અમેરિકાના પૂર્વ રાષ્ટ્ર પ્રમુખ જો બાઈડેનના કાર્યકાળમાં આ પ્રવાસીઓને બે વર્ષ માટે પેરોલ આપવામાં આવી હતી, જે હવે પ્રભાવી રૂપે ખતમ થઈ ગઈ છે. ચારેય દેશના નાગરિકોને અમેરિકાના સ્પોન્સર સાથે હવાઈ માર્ગથી અમેરિકામાં પ્રવેશ મેળવવાની મંજૂરી આપવામાં આવી હતી.

માનવીય પેરોલ સિસ્ટમ લાંબા સમયથી ચાલી આવતી લીગલ સિસ્ટમ છે, જેનો ઉપયોગ પ્રમુખ એવા દેશના લોકોને મંજૂરી આપવા માટે કરે છે, જ્યાં યુદ્ધ અથવા રાજકીય અસ્થિરતા હોય. એવામાં આવા લોકો અમેરિકામાં પ્રવેશ કરી શકે છે અને અસ્થાયી રૂપે રહી શકે છે. ટ્રમ્પના વહીવટી તંત્રએ આ સિસ્ટમમાં વ્યાપક દુરૂપયોગ નવો આરોપ લગાવી તેને સમાપ્ત કરવાનો નિર્ણય લીધો છે.

## વોટબેન્ક સાચવવા સરકારનો નિર્ણય, ૩૦૦ કરોડની જમીન ૮૩ કરોડમાં આપવાની દરખાસ્ત મંજૂર

ગુજરાતમાં વર્ષ-૧૯૬૦માં ઓઢવ ઉપરાંત અમરાઈવાડી અને જશોદાનગર વિસ્તારમાં માલધારી સમાજના લોકોને તેમના પશુઓ બાંધવા જગ્યા આપવામાં આવી હતી. ૬૫ વર્ષ પછી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સત્તાધારી પક્ષ ભાજપે નવી જંત્રીના દર અમલમાં આવે એ પહેલાં જ ઉતાવળે સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં તાકીદના એજન્ડા ઉપર વિવાદાસ્પદ દરખાસ્ત મંજૂર કરી હતી. કુલ ચાર રબારી વસાહતની કુલ મળીને ૬.૫૭ લાખ ચોરસમીટર જગ્યા વર્તમાન જંત્રીના ૨૫ ટકા દરથી અથવા સરકાર નકકી કરે તે મુજબ નાણાં લઈ આપવાનો નિર્ણય કર્યો છે. વોટબેન્કને સાચવવા લેવાયેલા નિર્ણયને કારણે અંદાજે ૩૦૦ કરોડથી વધુની જગ્યા સામે મ્યુનિસિપલ તંત્રને માત્ર ૮૩ કરોડની જ આવક થશે. જમીન કબજેદારોને માલિકી હક આપવા માટે મંજૂર કરાયેલી દરખાસ્ત મુજબ દસ વર્ષ સુધી લાભાર્થી રહેણાંક સિવાય અન્ય ઉપયોગ કરી શકશે નહીં.

અમદાવાદ મ્યુનિ.ના એસ્ટેટ વિભાગ તરફથી થોડા સમય પહેલાં અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલી જુદી જુદી રબારી વસાહતમાં રબારી વસાહત વિસ્તારમાં પરવાનગી વિનાના બાંધકામ તોડવાની કાર્યવાહી કરાઈ હતી. ત્યારબાદ માલધારી સમાજના આગેવાનો દ્વારા રાજ્ય સરકાર સુધી પ્લોટ અથવા જગ્યા વેચાણથી આપવા રજૂઆત કરાઈ  હતી.માલધારી સમાજના આગેવાનો




અમદાવાદની જુદી જુદી વસાહતમાં મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી દૂર કરવામાં આવતા દબાણોની કામગીરી બંધ કરાવવા માટે સરકારના વિવિધ મંત્રીઓને મળ્યા હતા.

## અમદાવાદીઓ હવે રોંગ સાઈડમાં વાહન ચલાવતા વિચારજો, ટ્રાફિક પોલીસ દંડ નહીં સીધો ગુનો નોંધશે



અમદાવાદમાં ટ્રાફિકની સમસ્યા સૌથી વિકટ બની રહી છે. ત્યારે પોલીસ દ્વારા ઇ-મેમો ઈસ્યુ કરવાથી માંડીને અનેક ડ્રાઈવ યોજવામાં આવે છે. ત્યારે રોંગ સાઈડમાં આવતા વાહનચાલકોને નિયંત્રણમાં લેવા માટે ટ્રાફિક પોલીસે મહત્ત્વનો નિર્ણય લીધો છે. જેમાં રોંગસાઈડમાં જતા વાહનચાલકો વિરૂદ્ધ ગુનો નોંધીને કાર્યવાહી કરવામાં આવશે.

શહેરમાં ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માટે પોલીસે આકરી કાર્યવાહીના ભાગરૂપે છેલ્લા ૨૦ દિવસમાં બે લાખથી વધુ કેસ કરીને ૧૩.૨૧ કરોડ રૂપિયા જેટલો દંડ વસુલ્યો હતો. જો કે, તેમ છતાંય શહેરમાં રોંગસાઈડ, લેફ્ટ ફ્રી સહિતની સમસ્યા યથાવત છે. જે અનુસંધાનમાં રોંગસાઈડમાં આવતા વાહનચાલકોને નિયંત્રણમાં લેવા

## સુરતની સિવિલ હોસ્પિટલમાંથી ચોરાયેલું બાળક ૧૬ કલાકે મળ્યું, CCTVમાં કેદ મહિલાને ઝડપી લેવાઈ

સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ગંભીર બેદરકારીનો મામલો સામે આવ્યો છે. શહેરના સ્ટેમસેલ બિલ્ડિંગમાંથી એક નવજાત બાળકનું અપહરણ થયાની ઘટનાએ હોસ્પિટલની સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર સવાલો ઊભા કર્યા છે. આ ઘટના રાત્રે બની હતી, જયારે એક અજાણી મહિલાએ બાળકનું અપહરણ કરીને ભાગી ગઈ હતી. ખટોદરા પોલીસે શોધખોળ શરૂ કરતા ૧૬ કલાક બાદ બાળક મળી આવ્યું હતું. આ મામલે એક મહિલાની અટકાયત કરીને વધુ તપાસ હાથ ધરી છે.મળતી માહિતી અનુસાર, સુરતના પાંડેસરા ન્યુ બમરોલી રોડ પર ધીરજભાઈ શુક્લા તેમની પત્ની સંધ્યાને પ્રસુતિની પીડા ઉપડતા સિવિલ હોસ્પિટલ લાવવામાં આવી હતી. જ્યાં મહિલાએ બાળકને જન્મ આપ્યો હતો. ત્યારબાદ બાળકને વધુ સારવાર અર્થે માતા સાથે છઠ્ઠા માળે જી-૧ વોર્ડમાં દાખલ કરવામાં આવી હતી. રાત્રે ૯ વાગ્યાના સુમારે એક અજાણી મહિલા બાળકને લઈને ગુમ થઈ ગયી હતી.

## ફાઈનલી અમે એક જ દિશામાં યાત્રા... ભાજપ નેતા સાથે થરૂરનો ફોટો વાઈરલ થતાં કોંગ્રેસ ટેન્શનમાં!

ભાજપ સાંસદ બૈજયંત જય પાંડાએ શુક્રવારે કોંગ્રેસ સાંસદ શશિ થરૂર સાથે વિમાન યાત્રાની પોતાની એક તસવીર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર શેર કરી હતી. આ તસવીર સાથે જય પાંડાએ જે કેપ્શન આપ્યું તેના કારણે આ તસવીર વધારે વાઈરલ થઈ રહી છે. થરૂર સાથે ફોટો પોસ્ટ કરતા ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ જય પાંડાએ મજાકીયા અંદાજમાં કહ્યું કે, 'મારા મિત્ર અને સહયાત્રીએ મને એટલે તોફાની કહ્યો કારણકે, મેં કહ્યું હતું કે, આપણે આખરે એક જ દિશામાં



યાત્રા કરી રહ્યા છીએ.'પોતાના હસમુખ સ્વભાવના કારણે જાણીતા શશિ થરૂરે તુરંત આનો જવાબ આપ્યો અને સ્પષ્ટીકરણ કરતા લખ્યું કે, 'ફક્ત ભુવનેશ્વરના સાથી યાત્રી! હું કાલે સવારે કલિંકા લિટફેસ્ટને સંબોધિત કરી રહ્યો છું

# સામાજિક સમરસતા કોઈપણ રાજ્યના વિકાસના પાયાની જરૂરિયાત છે, પાયામાં આર્થિક રીતે પછાત અને નબળા વર્ગના લોકોને જો સામેલ કરવામાં આવે તો જ તે રાષ્ટ્ર કે રાજ્યનો સારી રીતે વિકાસ થઈ શકે : મંત્રીશ્રી ભાનુબેન બાબરીયા



સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ યોજાયેલા કાર્યક્રમમા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના નિયંત્રણ હેઠળના નિયામક, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા અમલિત પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના, કુંવરબાઇનું મામેરૂ યોજના, વિદેશ અભ્યાસ લોન યોજના અને શિષ્યવૃતિની યોજના અંતર્ગત ૩,૮૨,૮૮૪ લાભાર્થીઓને રૂ.૩૦૮.૮૪ કરોડની લોન-સહાય ચુકવવામાં આવી તથા નિયામક, વિકસતી જાતિ કલ્યાણ સંલગ્ન (૧) ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, (૨)ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ, (૩) ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ, (૪) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, (૫) ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ અને (૬)ગુજરાત ગોપાલક વિકાસ નિગમ દ્વારા ૧૪૦૯૧ લાભાર્થીઓને કુલ રૂ. ૧૬૩.૭૩ કરોડની લોન-સહાય યોજના અંતર્ગત સીધુ ચુકવણું ઓનલાઇન માધ્યમથી લાભાર્થીના બેન્ક ખાતામાં DBT દ્વારા કરવામાં આવ્યું છે.

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા અમલિત ડૉ. આંબેડકર આવાસ યોજના, ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના, કુંવરબાઇનું મામેરૂ યોજના અને વિદેશ અભ્યાસ લોન યોજના અંતર્ગત ૧૭૦૧ લાભાર્થીઓને કુલ રૂ.૨૭.૦૭ કરોડની લોન સહાય ચુકવવામાં આવી તથા નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ સંલગ્ન (૧) ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન (૨) ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ અને (૩) ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ દ્વારા ૬૧૫ લાભાર્થીઓને રૂ.૧૫.૦૭ કરોડની લોન સહાય યોજના અંતર્ગત સીધુ ચુકવણું ઓનલાઇન માધ્યમથી લાભાર્થીના બેન્ક ખાતામાં DBT દ્વારા કરવામાં આવ્યું છે.સમાજ સુરક્ષા પ્રભાગ હેઠળના ગુજરાત વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમ દ્વારા અમલિત યોજનાઓ અંતર્ગત ૩૬ લાભાર્થીઓને રૂ.૦.૩૬ કરોડની લોન યોજના અંતર્ગત સીધુ ચુકવણું ઓનલાઈન માધ્યમથી લાભાર્થીના બેન્ક ખાતામાં DBT દ્વારા કરવામાં આવ્યું.

આમ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના નિયંત્રણ હેઠળના અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ અને સંલગ્ન નિગમો, વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ અને સંલગ્ન નિગમો તેમજ સમાજ સુરક્ષા પ્રભાગ સંલગ્ન નિગમ દ્વારા અમલિત યોજના અંતર્ગત મેળાના દિવસે ૩,૯૯,૨૯૧ લાભાર્થીઓને કુલ રૂ. ૫૧૪.૭૧ કરોડની લોન-સહાયનું સીધુ ચુકવણું ઓનલાઈન માધ્યમથી લાભાર્થીના બેન્ક ખાતામાં DBT દ્વારા કરાયું છે તથા આ અવસરે સુરેન્દ્રનગરના લીમડી ખાતે કુમાર છાત્રાલય તથા વઢવાણ ખાતે કન્યા છાત્રાલયનું મંત્રીશ્રીના હસ્તે ઈ-ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું. આ અવસરે પ્રાસંગિક ઉદબોદન કરતા સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાએ, વિભાગના અધિકારીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવતાં જણાવ્યુ હતું કે, આજનો આ કાર્યક્રમ સાર્થક થયો છે તે જિલ્લાથી માંડી રાજય કક્ષાના દરેકે અધિકારીઓની મહેનતનું પરિણામ છે. કાર્યક્રમ અંતર્ગત લોન તથા સહાય વિતરણના શુભ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તક વિકસતી જાતિ, અનુસૂચિત જાતિ અને સમાજ સુરક્ષા પ્રભાગ તથા નિગમોની જુદી જુદી યોજનાના લાભાર્થીઓને એકજ સ્થળેથી રીમોટની સ્વિચ દબાવી લાભાર્થીના ખાતામાં એમને મળતી સહાયની રકમ એમના ખાતામાં પહોંચી છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ કરેલ આ નિશ્ચય થકી કોઈપણ વચોટીયાઓ વગર સીધી સહાય લાભાર્થીને પહોંચતી થઈ છે. સરકારનું લક્ષ્ય અંત્યોદય વિકાસ છે,અને એ જ દિશામાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ કામ કરી રહ્યા છે, જેમણે સતત વિભાગની ચિંતા કરી સમાજના છેવાડાના માનવી સુધી સરકારની દરેક યોજનાઓ પહોંચે અને નવી યોજનાઓ અમલી બનાવી તથા ચાલુ યોજના હોય તો યોજના ની સહાયમાં પણ વધારો કરી, લોકોને વધુમાં વધું સહાયક બની શકાય તેના માટે પણ સતત ચિંતા કરી છે. ઉપરાંત મંત્રીશ્રીએ આ વખતના બજેટમાં જે વધારો કરાયો છે તેની અમુક યોજનાઓની જેવી કે, ઘરનું ઘરનું જે સ્વપ્ન છે, તે ડો. આંબેડકર આવાસ યોજના તેમજ પંડિત દિનદયા આવાસ યોજના હેઠળ અગાઉ ૧,૨૦,૦૦૦ ની સહાય આપવામાં આવતી હતી તેમાં આ વખતના બજેટમાં આપણે ૫૦,૦૦૦ નો વધારો કર્યો છે અને હવે એ જ રીતે દિવ્યાંગ વ્યક્તિઓ માત્ર સહાનુભૂતિ નહીં, પરંતુ વિશ્વાસ અને આપણા પ્રત્યે લાગણીથી સહાય માટે આપણી પાસે હકથી આવતા થયા છે. તેમના માટેની સંત સૂરદાસ યોજના માંથી બીપીએલ જે ફરજીયાત હતું તે રદ કરાયું છે.

# જિગીષા દિલીપ- દૃષ્ટિકોણમાં બદલાવ

જીવનમાં આવેલ વળાંક એટલે શું? જીવનમાં આવતી ચડતીપડતીમાં અનેક જાતના વળાંક આવતા હોય છે. કોઈ તેમાં રાહગીર બનીને આવે અને તમારું જીવન બદલાઈ જાય, પરતું આજે હું જે વાત કરવા જઈ રહી છું તે છે મારાં જીવનમાં થયેલા લોકો તરફ જોવાના દષ્ટિકોણનો બદલાવ, મારાં વિચારોમાં બદલાવ. વાત છે એક એવી વ્યક્તિની જેણે પહેલી મુલાકાતમાં મારાં અસ્તિત્વને ઝંઝોડી નાંખ્યું. મારાં મનનાઆયનામાં મને મારો સાચો ચહેરો બતાવી દીધો. મારી વજૂદ વગરની માન્યતાઓ અને દંભી આડંબરથી ભરપૂર દુનિયામાંથી બહાર કાઢીને મને વિચારવા મજબૂર કરી.

હું અમદાવાદના કહેવાતા 'ઈલીટ' ટોળામાં ફરીને મારી જાતને મૉર્ડન સમજતી હતી. હું દેશ-વિદેશ ફરી હતી પણ હજુ વિચારોની કૂપમંડૂકતા યથાવત હતી. નાતજાત,ધર્મના વાડામાં અમે માનતા નથી એવું માત્ર હું કહેતી પરતું લોકોની જેમ હું ધન અને ધનવાન વ્યકિતને જ મહત્વ આપતી હતી. મારી વિચારધારા સાવ છીછરી હતી.મારી દીકરી ધ્વનિએ ન્યુયોર્કમાં તેનું ભણવાનું પૂરું કર્યું ત્યારે પરણવાની ઉંમરે પહોંચી ગઈ હતી. મારે તો પટેલનો ઈન્ડસ્ટ્રિઅલિસ્ટ પિતાનોદીકરો જ જોઈતો હતો. દીકરી સોનાનાં હીંચકે ઝૂલે એ માટે દીકરીને સોને મઢીને મોકલવા કે મોટા વહેવાર કરવા હું તૈયાર હતી.. !





પણ, અમેરિકામાં રહીને દીકરીની વિચારસરણી બદલાઈ ગઈ હતી અને તેની દુનિયા વિશાળ થઈ ગઈ હતી. અમે લંડનમાં ફેમિલી વેકેશન ગાળવા મળ્યાં ત્યારે તેણે મને કીધું, "મને એક છોકરો ગમે છે. એ મલિયાલી ક્રિશ્ચયન છે. અમેરિકામાં મોટો થયો છે. ન્ર.રૂ. માંથી સ.મ.છ. કર્યું છે સાથે ન્યુયોર્ક ફિલ્મ ઈન્સ્ટીટ્યુટમાંથી ફિલ્મ ડિરેક્શન, સ્ક્રિપ્ટ રાઈટિંગ, ફોટોગ્રાફી શીખ્યો છે.. મારાં પર જાણે વીજળી પડી ! મારે તો દીકરી માટે પ્રતિષ્ઠિત, પૈસાદાર, ગુજરાતી કુંટુંબનો નબીરો જોઈતો હતો. અમારી જાણ બહાર અમને મળવા ધ્વનિએ તેના મિત્ર અભિને લંડન બોલાવી લીધો હતો. બીજા બધાંએ તેને મળવાની ના પાડી દીધી, પણ દીકરીનાં પ્રેમને હુકરાવતાંમારું હ્રદય માન્યું નહીં. દીકરીનું મન રાખવા હું અભિને મળવા તૈયાર થઈ.

થેમ્સ નદીને કિનારે હું, ધ્વનિ ને અભિ મળ્યાં.

મેં વાત શરુ કરતાં અભિને સમજાવ્યું કે, અમે દીકરી માટે છોકરો પસંદ કરીએ તો જ્ઞાતિ, ધર્મ, જાણીતું કુટુંબ, દેખાવ અને ભણતર જોઈએ. વળી તું અહીં રહીને ઉછરેલ, કેરળનો મલિયાલી, ક્રિશ્ચયન. આપણાં ખાનપાન, રીતરિવાજ બધું અલગ. કોઈ રીતે મેળ પડે તેવું નથી. વાતનો દોર હાથમાં લેતા એક વિદ્વાન તત્વચિંતકની જેમ તેણે કીધું,"ઈશ્વર એક જ છે. મારાં માટે કૃષ્ણ અને ઈસુમાં કોઈ ફરક નથી. તમે કે ધ્વનિ મને મંદિર લઈ જશો તો ત્યાં પણ હું આવીશ. આંખ બંધ કરી હું ત્યાં પ્રાર્થના કરીશ. હુંતો એ મહાશક્તિને પ્રાર્થીશ જે દરેક માનવનાં હ્રદયમાં બિરાજમાન છે, તેનું સ્વરૂપ ઈસુ હોય કે કૃષ્ણ મારે મન બધું એક જ છે. મંદિર કે દેવળ મને કોઈ ફરક પડતો નથી.

"માતા, માતૃભૂમિ અને દેખાવ આપણને ભગવાન તરફથી મળે છે તે આપણે પસંદ નથી કરી શકતા."ખાનપાન તો અમેરિકા આવીને હું ને ધ્વનિ અમેરિકામાં મળતાં બધા દેશના ખાણાં ખાઈએ છીએ. મને ગુજરાતી ખાવાનો પણ વાંધો નથી.""ધ્વનિ મને કહેતી હતી કે, અમેરિકામાં રહીને તું દારુ નથી પીતો.. અહીં ઉછરીને મોટો થયો છતાં આજે પચ્ચીસ વર્ષે પણ તારા માતા-પિતા અને ભાઈ સાથે રહે છે?" મેં પૂછ્યું."દારુના નશા કરતાં બીજી અનેક પ્રવૃત્તિ છે જે મને આનંદ આપે છે. મને દુનિયાભરની ભાષાના શ્રેષ્ઠ પુસ્તક વાંચવાનો, શ્રેષ્ઠ ફિલ્મ જોવાનો શોખ છે. મલિયાલી મારી માતૃભાષામાં ટીવી સિરીયલડિરેક્ટ કરું છું. તેની સ્ક્રિપ્ટ લખું છું. એડિટિંગ કરું છું સાથે યુનિલિવર કંપનીમાં ફૂલ ટાઈમ જોબ કરુંછું. હું લિપ્ટન જેવી કંપનીની એડ ફિલ્મ બનાવું છું. મને મારાં કામ માટે ચોવીસ કલાક પણ ઓછાપડે છે. મારી વ્યસ્તતામાં મારી મા મને ટેબલ પર જમવા આપે, મારાં રુમની સફાઈ કરે, મારાં બધાં જ નાનાંમોટાં કામમાં મદદ કરે વળી મારી ટી.વી. સિરીયલનું શુટિંગ હું ઘરમાં કરું ત્યારે માતાપિતા મને બધી જ મદદ કરે. આ પ્રેમ અને હૂંફ છોડી હું બહાર રહેવા કેમ જઉં ?"મારાં માટે પૈસો જીવનનિર્વાહ પૂરતો જ જરુરી છે. પૈસા કમાવા કરતાં મારી ક્રિએટિવિટીમાં વધુ આનંદ મળે છે. તેનાથી હું પોતાની જાતને ખુશ રાખવા સાથે લોકોને મનોરંજન આપી માનવસેવાનુંપણ કામ કરી રહ્યો છું."મને મારાં ગાલ પર જાણે એક પછી એક તમાચા વાગતા હતા. હું જે ડોળ કરતી હતી કે નાતજાત, ધર્મના વાડામાં હું માનતી નથી તે નકરો દેખાવ જ હતો બાકી દીકરીની વાત આવી ત્યારે મારે ઊંચી જ્ઞાતિનો, હિન્દુ છોકરો જ જોઈતો હતો.

અભિએ કહ્યું એમ ઊંચી જાત એટલે શું? જ્ઞાતિ કરતાં વિચારો ઊંચા હોય એ જરૂરી છે. દેખાવ કોઈના પોતાના હાથમાં નથી. બાહ્ય દેખાવથી કોઈને જજ ન કરાય તે વાત સમજવાનું તો દૂર હું વિચારી પણ શકતી નહોતી. કોઈ વ્યકિતને જોયા-જાણ્યા કે તેને મળ્યા વગર તેનાં અંગે અભિપ્રાય કેવી રીતે બાંધી લેવાય? માત્ર પૈસાપાત્ર વ્યક્તિ કેવધુ પૈસા કમાનાર જ દુનિયામાં સુખી છે તેવું નથી. ક્રિએટીવ આર્ટથી પોતાને અને અન્યને ખુશ રાખવા એ માનવજાતિની સેવા છે તે પણ મને અભિએ સમજાવ્યું. આમ પચ્ચીસ જ વર્ષના એક યુવાને મારાં વિચારોનો દષ્ટિકોણ બદલી નાંખ્યો. જિગીષા દિલીપ



Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું